આજે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન

ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬, ૨૪ ડિસેમ્બરથી અમલમાં આવેલ છે, ત્યારથી એ ગ્રાહક સુરક્ષા દિન તરીકે ઉજવાય છે. ગ્રાહક ચળવળનો હેતુ માત્ર ગ્રાહકોને શોષણમાંથી બચાવવા એ જ નહીં, પરંતુ યુવાન વપરાશકારોમાં જાગરૂકતા કેળવવાનો પણ છે. વ્યક્તિને પોતાના જીવનમાં અનેક પ્રકારની સેવાઓની આવશ્યકતા ઊભી થાય છે, જે દરેક બાબતે ગ્રાહકોમાં જાગરૂકતા હોવી અનિવાર્ય બન્યું છે.

ગ્રાહકોના હિતોના રક્ષણ તથા તેમના અધિકારોના જતન માટે સરકારે ગ્રાહક સુરક્ષા અધિનિયમ અમલમાં મુક્યો છે. ગ્રાહક આંદોલનની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ હતી, પરંતુ ગ્રાહક અધિકારોની પ્રથમ ઘોષણા ૧૯૬૨માં અમેરિકા ખાતે કરવામાં આવી હતી. ગ્રાહક સુરક્ષાના જન્મદાતા તરીકે રાલ્ફ નાડરને સન્માન આપવામાં આવે છે.

ભારતમાં ગ્રાહકની સુરક્ષાનો વિચાર કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ઉદ્યોગ અને વ્યાપાર સંબંધી ગેરરીતિઓ, ગ્રાહકોના હિતોનું રક્ષણ તેમજ ઓછું તોલમાપ, ભેળસેળ, બનાવટ જેવા ગુનાઓ માટે દંડના ઉલ્લેખરૂપે કરવામાં આવ્યો હતો.

ગ્રાહકોને ચીજવસ્તુઓ કે સેવાઓના ખરીદ-વેચાણની માહિતી સાથે સુરક્ષાનું જ્ઞાન હોવું જોઈએ.

ગ્રાહકોની ફરજો

- ચીજવસ્તુ ખરીદતા પહેલાં વસ્તુની ગુણવત્તા, ભાવ, ગેરંટીમાં આઈએસઆઈ, એગમાર્ક માર્કાવાળી વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખવો.
- ગ્રાહકે ખરીદીમાં વસ્તુની સાચી પસંદગીમાં સેવા અંગેની માહિતી મેળવવાનો આગ્રહ રાખવો.
- ખરીદેલ માલ કે સેવાનું પાકું બિલ કે પાકી રસીદ તથા વોરંટી કાર્ડ લેવાનો આગ્રહ રાખવો.
- ફરિયાદોના નિવારણ અર્થે ગ્રાહક મંડળે વિવિધ સંસ્થાઓની મદદ લેવી.
- વસ્તુની કિંમત, પેકીંગ, વજન, અંતિમ તિથિ, ઉત્પાદકનું નામ, સરનામું વગેરે તપાસી-ચકાસી ખરીદવાનો આગ્રહ રાખવો.
- આકર્ષક જાહેરાતોથી, દેખાદેખીથી બિનજરૂરી કે ખોટી ખરીદી કરતા પહેલાં વિચારવું.
- ખરીદતી વખતે માપિયાં-વજનકાંટો, તોલમાપનાં સાધનો પ્રમાણિત કરેલાં છે કે નહીં તેની ખરાઈ કરવી.
- ગેસ સિલિન્ડરમાં સીલ તપાસવું, રીક્ષા-ટેક્સીમાં મીટર ઝીરો કરાવીને બેસવું, પેટ્રોલ-ડીઝલ ભરાવતી વખતે પંપ પર ઝીરો મીટર રિડીંગ કરવું.
- કોઈપણ સેવા - ખાનગી દાક્તરી સેવા, વીજ સપ્લાય, ટેલિફોન સેવા, વીમા સેવા, બેંકીંગ સેવા, ટ્રાવેલીંગ સેવામાં ખામીયુક્ત, બેદરકારીયુક્ત સેવાઓથી ગ્રાહકને નુકસાન પહોંચે તો માહિતી ગ્રાહક સંસ્થાને પહોંચાડવી જોઈએ.

ગ્રાહકોના અધિકારો

- સલામતીનો અધિકાર
- માહિતી મેળવવાનો અધિકાર
- રજૂઆત કરવાનો અધિકાર
- ફરિયાદોના નિવારણનો અધિકાર
- ગ્રાહક શિક્ષણનો અધિકાર
- વળતર મેળવવાનો અધિકાર
- ગેરવ્યાજબી પ્રવૃત્તિ દ્વારા શોષણ વિરુદ્ધનો અધિકાર
- જીવનજરૂરી સેવાઓ મેળવવાનો અધિકાર

ગ્રાહક પોતાના અધિકારોની સુરક્ષા માટે જિલ્લા ફોરમ, અદાલતમાં ફરિયાદ દાખલ કરી શકે છે. કાનૂની સલાહ કે સહાય માટે વકીલ રોકવાની જરૂર નથી. કોર્ટ ખર્ચ, વકીલ ખર્ચ, નુકસાન વળતર કોર્ટ દ્વારા વસૂલ કરી શકાય છે.

તો, વાકેફ બનો અને વાકેફ બની ખરીદો.

- નટુભાઈ પટેલ

શબ્દાવલી - ૪૯૩૦



આડી ચાવી

૧. સાચી બની ગયેલ બીના (૫)
૩. વાઢીયા, ચીરા (૨)
૫. છીંકણી, બજર (૪)
૬. ભાઈ, વીરો (૩)
૮. પુત્ર, છોકરો (૩)
૧૦. સીમ્પલ, સરળ (૨)
૧૧. ધર્મ સંકટની ઘડી (૩)
૧૪. ચહેરો (૩)
૧૭. મોર પીંછાને પંખાની જેમ ફેલાવે તે (૨)
૧૯. હાથથી વગાડાતું વાદ્ય (૪)
૨૦. ખત, પત્ર (૩)

ઊભી ચાવી

૧. પતિ-પત્નિ સાથે (૩)
૨. જ્ઞાતિ ભોજન (૪)
૩. કાકાની પત્ની (૨)
૪. ઘોડિયું (૩)
૬. માધુરી દિક્ષીતને મળેલ એક... ગર્લનું બિરૂદ (૪)
૯. સીટી, મોઢેથી કરાતો અવાજ (૩)
૧૦. સાહસવૃત્તિ વાળો (૪)
૧૧. કજિયો, કલેશ (૪)
૧૩. ટોકવું તે, ટોકણી (૨)
૧૫. વેરો (૨)
૧૬. વેંલ (૨)
૧૮. ઢોલમાં.... જ હોય (૨)

શબ્દાવલી ૪૯૨૯ના જવાબ

આડી ચાવી :- (૧) મહિલા (૪) ગુજરાત (૩) હાલત (૮) લબ (૯) કાચા (૧૦) આશરો (૧૧) યલ (૧૨) શાન (૧૩) ફેરા (૧૫) કોરટ (૧૬) સંતાપ (૧૭) કડબ (૧૮) ચીમટા (૨૦) દન (૨૨) રાખ (૨૩) દરી (૨૪) લીખ

ઊભી ચાવી :- (૧) મહાકાય (૨) હિલચાલ (૩) લાત (૪) ગુલશન (૫) જબરો (૬) તરવરાટ (૨૦) આશા (૧૩) ફેરબદરી (૧૪) કપચી (૧૫) કોડ (૧૬) સંતરા (૧૭) કટારી (૧૯) મદ (૨૧) નખ

પાલનપુર નજીક ઈકબાલ ગઢ પાસે કાર ટ્રકની પાછળ ઘુસી જતાં ચાર જણ ઘવાયા

પાલનપુર, તા. ૨૩

પાલનપુર નજીક ઇકબાલ ગઢ પાસે મુંબઈથી પોતાના વતન રાજસ્થાન તરફ જતા વ્યક્તિઓની મોટરકાર ઇકબાલ ગઢ પાસે ટ્રકની પાછળ ઘુસી જતાં કારના સવારો ઘૈકી ચાર જણા ઘવાયા હતા. જેમાં એક મહિલા અને બાળકની હાલત ગંભીર જણાતાં અમદાવાદ રિફર કરાયા હતા.

મૂળ રાજસ્થાનના વતની અને હાલમાં મુંબઈ ખાતે રહેતા જસવંતરાજ ભોમાવતનો પરિવાર પ્રસંગ અર્થે મુંબઈથી રાજસ્થાન જઈ રહ્યો હતો ત્યારે ઇકબાલ ગઢ પાસે આગળ ચાલતી ટ્રકે અચાનક બ્રેક મારતાં કાર ટ્રકની પાછળ ઘુસી જતાં આ અકસ્માત સર્જાયો હતો. તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. ભંવરીદેવી અને બાળક ધ્રુવને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કરાયા હતા.

ભાજપ અને કોંગ્રેસ બન્ને નવા પ્રમુખની શોધમાં લાગી ગયા

ભાજપના રાજયના પ્રમુખ ફળદુની જામનગર ગ્રામીણમાં અને કોંગ્રેસી રાજ્ય પ્રમુખ મોઢવાડિયાની પણ હાર થઈ

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં એક બાબત ભાજપ અને કોંગ્રેસ બન્ને માટે એકસમાન રહી છે. આ બાબત એ છે કે બન્ને મોટા પક્ષોના રાજ્ય પ્રમુખોની ચૂંટણીમાં તેમના ગઢમાં પણ કારમી હાર થઈ છે. જેથી બન્ને પક્ષો દ્વારા હવે નવા રાજ્ય પ્રમુખની શોધખોળ હાથ ધરવામાં આવી છે. એકબાજુ ભાજપના રાજ્યપ્રમુખ આરસી ફળદુની જામનગર ગ્રામીણ બેઠક પર ૩૩૦૪ મતે હાર થઈ છે. જ્યારે કોંગ્રેસના રાજ્ય પ્રમુખ અર્જૂન મોઢવાડિયાની ભાજપના બાબુ બોખારિયા સામે ૧૭૧૪૬ મતે કારમી હાર થઈ છે. મોઢવાડિયા પહેલાથી પક્ષના ડંગાળ દેખાવ માટેની જવાબદારી સ્વીકારી લઈનેતેમના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને મોટી પાર્ટીના હાઇ કમાન્ડે અનૌપચારિક રીતે નવા રાજ્ય એકમના વડાની શોધ હાથ ધરી દીધી છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું છે કે એક વખતે મુખ્યપ્રધાન અને તેમના કેબિનેટના સભ્યોએ શપથ લઈ લીધા બાદ આદિશામાંઝડપથી આગળ વધવામાં આવશે. મુખ્યપ્રધાનના શપથ બાદ નવા વડાની શોધ કરાશે. પક્ષના વરિષ્ઠ નેતાઓ રાષ્ટ્રીય હાઇ કમાન્ડ સાથે વાતચીત કરશે.

ભાજપના નવા રાજ્ય એકમના વડાની જાન્યુઆરીમાં નિમણૂક કરી લેવામાં આવે તેવી શક્યતા છે. ફળદુને ફરી પ્રમુખ બનાવવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. જો કે ભાજપના તાજેતરમાં સુધારવામાં આવેલા બંધારણ મુજબ જો પક્ષ ઈચ્છશે તોફળદુને વધુએક તક આપવામાં આવી શકે છે. ભાજપ તરફથી રાજ્ય એકમમાં હાલ ઉપ પ્રમુખ તરીકે ભૂમિકા અદા કરી રહેલા કોશિક પટેલ અને આઈકે જાડેજાને ટોચના હોદ્દા પર નિમણૂંક કરવાની તક રહેલી છે. રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ અને અને મોદીના નજીકના નેતા વિજય રૂપાણીને પણ તક આપવામાં આવી શકે છે.

લોકસભાની ચૂંટણી હવે નજીકમાંઆવશેત્યારે ગુજરાતમાંપક્ષના દેખાવને સુધારવા માટે ભાજપ એક આક્રમક નેતા અહીં મેદાનમાં ઉતારવા માટે ઈચ્છે છે. બીજી બાજુ કોંગ્રેસ પાસે હવે ખુબ મર્યાદિત વિકલ્પ છે. મોઢવાડિયાને બીજી અવધિ નહી મળે. તેમના નજીકના સાથી અને વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલને પણ તક નહી મળે તેવી શક્યતા છે. ગોહિલ પોતે વિધાનસભાની ચૂંટણીમાં ભાવનગર ગ્રામીણમાંથી હારી ચુક્યા છે.

કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ માહિતી આપતા કહ્યું છે કે પાર્ટી વરિષ્ઠ નેતા મોહનસિંહ રાઠવા, વર્તમાન સાંસદ વિઠ્ઠલ રાદડિયા, જગદીશ ઠાકોર અને શંકરસિંહ વાઘેલાના નામ પર વિચારણા કરી શકે છે. વાઘેલા વિપક્ષના નેતાના હોદ્દા માટે સૌથી લાયક ઉમેદવાર છે. વાઘેલા પોતે આ જવાબદારી સ્વીકારવા માટે તૈયાર છે. એક અગ્રણી અગ્રેજી અખબારમાં આ પ્રકારની ગણતરી કરવામાં આવ્યા બાદ રાજકીય ગતિવિધી વધુ તીવ્ર બની છે.

બંને પક્ષમાં કોણ દાવેદાર

ભાજપ અને કોંગ્રેસમાં રાજ્ય પ્રમુખની શોધખોળ હાથ ધરવામાં આવી છે. બંને પક્ષના રાજ્યપ્રમુખની હાર થઈ છે જેથી આ શોધખોળ હાથ ધરવામાં આવી છે. ભાજપના રાજ્ય એકમના પ્રમુખ આરસી ફળદુ જામનગર ગ્રામીણમાંથી ૩૩૦૪ મતે હારી ગયા છે જ્યારે કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા ભાજપના બાબુ બોખારીયા સામે ૧૭૧૪૬ મતે હારી ગયા હતા. ભાજપ અને કોંગ્રેસમાં કોણ કોણ દાવેદાર છે તે નીચે મુજબ છે.

ભાજપમાં દાવેદાર
૧. કૌશિક પટેલ(ઉપપ્રમુખ)
૨. આઈકે જાડેજા(ઉપપ્રમુખ)
૩. વિજય રુપાણી(રાજ્યસભાના પૂર્વ સાંસદ)

કોંગ્રેસમાં દાવેદાર
૧. મોહનસિંહ રાઠવા(વરિષ્ઠ આદિવાસી નેતા)
૨. વિઠ્ઠલ રાદડિયા (વર્તમાન સાંસદ)
૩. જગદીશ ઠાકોર (પાટણ સાંસદ)
૪. શંકરસિંહ વાઘેલા(વરિષ્ઠ નેતા)

શોધખોળની સાથે સાથે..

- ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા રાજ્ય પક્ષ પ્રમુખની શોધખોળ હાથ ધરાઈ
- બંને પક્ષોના રાજ્ય એકમના પ્રમુખની ચૂંટણીમાં હાર થઈ હતી.
- મુખ્યમંત્રી અને તેમના પ્રધાનમંડળના શપથ બાદ જાન્યુઆરી મહિનામાં ભાજપમાં નવા પ્રમુખની વરણી કરાશે
- રાષ્ટ્રીયનેતાઓ સાથે વાતચીતની પ્રક્રિયા ટૂંકમાં હાથ ધરાશે
- ભાજપમાં કૌશિક પટેલ, આઈકે જાડેજા, વિજય રૂપાણી પ્રબળ દાવેદારો
- લોકસભાની ચૂંટણી પહેલા ભાજપ આકમક નેતાની શોધખોળ કરવા માટે ઈચ્છુક
- કોંગ્રેસ પાસે ખૂબ મર્યાદિત વિકલ્પો રહ્યા છે
- મોઢવાડિયાને બીજી વખત તક નહીં મળે
- વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલની તકો પણ ખુબ ઓછી છે
- મોહનસિંહ રાઠવા, વિઠ્ઠલ રાદડિયા, જગદીશ ઠાકોર અને શંકરસિંહ વાઘેલાની તકો રહેલી છે
- વાઘેલા સૌથી પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે
- બંને પક્ષો પોત પોતાના રાજ્ય એકમના પ્રમુખની પસંદગીને લઈને પ્રાથમિક વાતચીતનો દોર શરૂ કરી ચુક્યા છે
- જાન્યુઆરીમાં વિધિવત પસંદગી

પાલનપુર રોટરી ક્લબ સિટી દ્વારા નેત્ર યજ્ઞ અને કુંબરબા ટ્રસ્ટ દ્વારા દંતયજ્ઞ યોજાયો

પાલનપુર રોટરી ક્લબ સિટી દ્વારા કુંબરબા સ્કૂલમાં ૪૦થી વધુ આંખના નિઃશુલ્ક ઓપરેશન તેમજ નેત્રમણિ નાખવામાં આવેલ. ૫૦૦થી વધુ દર્દીઓ આ નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં લાભ લેવા આવ્યા હતા. ડો. જયેશ બાવીશી દ્વારા ઓપરેશન હાથ ધરાયું હતું. જ્યારે દંતયજ્ઞમાં રાજકોટથી આવેલા તબીબે અસંખ્ય દર્દીઓને પોતાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે કુંબરબા સ્કૂલના ટ્રસ્ટી સરલાબેન અને આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

ગોવામાં ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણીની તૈયારીઓ

અમદાવાદ,તા. ૨૩

તાજેતરના વર્ષોમાં પ્રથમ વખત અમદાવાદથી અથવા મુંબઈથી ગોવા જવાની બાબત પ્રવાસીઓ માટે આંશિકરીતે સસ્તી સાબિત થશે. ક્રિસમસ દરમિયાન ગોવાની મજા માણવા ઈચ્છતા લોકો માટે સારા સમાચાર છે. ગોવામાં નવા વર્ષની ઉજવણી કરવા પહેલાથી જ બુકિંગની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. અને અત્યારથી જ હાઉસફુલની સ્થિતિ જોવા મળી રહી છે. મુંબઈથી ગોવા ૩૧મી ડિસેમ્બરના દિવસે એકબાજુની ટિકિટ ૪૦૦૦ રૂપિયામાં પડી શકે છે. જ્યારે અમદાવાદથી ટિકિટ માત્ર ૫૪૦૦ રૂપિયામાં પડી શકે છે. પરંતુ આ વર્ષે પ્રવાસીઓને વધુ આકર્ષિત કરવાના હેતુસર વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે. પહેલી અને બીજી જાન્યુઆરીના દિવસે રવાના થતી ફ્લાઈટો માટે રિટર્ન ભાડા મુંબઈ અને અમદાવાદ માટે ૧૧૦૦૦ની આસપાસ રહી શકે છે. જો કે બીચના સ્થળ સુધી જવા ઈચ્છતા લોકો માટે વધુ ખર્ચ કરવો પડશે.

કિંગફિશર એરલાઈન્સે ઓક્ટોબર મહિનામાં તેનું ફ્લાઈટ ઓપરેશન બંધ કરી દીધુ હતુ. અન્ય એરલાઈન્સો પરિસ્થિતિનો લાભ લેવા માટે સંપૂર્ણપણેતૈયાર છે. નવી માંગ અને સપ્લાયના સમીકરણોને ધ્યાનમાં લેવામાં આવી રહ્યા છે. યાત્રીઓએ દિવાળી વેળા વધુ વિમાની યાત્રા કરી ન હતી. નવેમ્બરના મહિનામાં સરેરાશ પેસેન્જર લોડ ૭૦ ટકા રહ્યો હતો જે દિવાળીના મહિનામાં રહેતા પ્રવાહ કરતા ઓછો હતો. જાણકાર સુત્રોનું કહેવું છે કે મુંબઈ-ગોવા સેક્ટર પર ભાડા ઓવર કેપેસિટીના કારણેઆ વર્ષે વધારવામાં આવ્યા નથી. ફરી એકવાર માંગ ઓછી જોવા મળી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે દર વર્ષની જેમ આ વર્ષપણ ગોવામાંક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં અમદાવાદી લોકો પહેલાથી જ તૈયારી કરી ચુક્યા છે. પહેલાથી જ ગોવામાં જુદી જુદી જગ્યાએ બુકિંગ અને હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગુનો બન્યાના સમયે સમયસૂચકતા દા[redacted]બનાવની જાણ કરી દેવામાં આવે તો પળવારમાં જ ગુનાનો ભેદ ઉકેલાઈ જવાની શક્યતા વધી [redacted]સ પણ સમયસર બનાવના સ્થળે પહોંચી જાય તે મહત્ત્વની બાબત છે. આ બાબતની તાકીદ [redacted]જયના તમામ જિલ્લાઓના પોલીસ મથકોને પીસીઆર વાન ફાળવવામાં આવી છે. પોલીસ [redacted]હેની આ વાન પર કોઈપણ બનાવનો કૉલ આવે ત્યારે સમયસર સ્થળ પર પહોંચી જવા ટીમ ત[redacted]જ પીસીઆર વાન ચિલોડા પોલીસ મથકને પણ ફાળવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ચિલો[redacted]હદમાં સમાવિષ્ટ નેશનલ હાઈવે પર અકસ્માત સહિત અન્ય સંખ્યાબંધ બનાવો બનતા રહેતા [redacted]ા સંજોગોમાં સમય મર્યાદાની અંદર વાન સુધી કૉલ પહોંચી જાય તો બનાવોને નિયંત્રણમાં લે[redacted]જાય છે.

નરેન્દ્ર મોદીના સુરતી ચાહકો ચાલીને શિરડી જવા રવાના

સુરત,તા. ૨૩

ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાનો વધુ એક દાખલો સપાટી પર આવ્યો છે. મોદીના ૧૫૦ ચાહકોની ટીમ હવે ચાલીને શિરડી જવા માટે રવાના થઈ ગઈ છે.

આ તમામ ૧૫૦ સુરતી વેપારીઓએ એવી માનતા રાખી હતી કે જો નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી શકશે તો તેઓ ચાલીને શિરડી જશે. આ તમામ યુવા વેપારીઓ રીયલ એસ્ટેટ, ટેક્સ ટાઈલ અને હિરા ઉદ્યોગ સાથે જોડાયેલા છે. ચૂંટણીના એક મહિના પહેલા જ રીયલ એસ્ટેટ ડેવલપર સંજય મોવાલિયા અને તેમના મિત્રોએ પ્રતિજ્ઞા કરી હતી કે જો મોદી ગુજરાતમાં હેટ્રીક કરવામાં સફળ રહેશે તો તેઓ સુરતથી ચાલીને શિરડી જશે. મોવાલિયાએ કહ્યું છે કે તેમની ઈચ્છા પૂર્ણ થઈ છે જેથી તેઓ હવે રવાના થઈ રહ્યા છે. ૧૫૦ લોકોની યાદી તૈયાર કરી લેવામાં આવી છે જે તમામ ધાર્મિક યાત્રા પર રવાના થઈ રહ્યા છે.

મોવાલિયાએ એક અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમે ૨૭મી ડિસેમ્બર સુધી શિરડી પહોંચવાની યોજના ધરાવીએ છીએ. એક દિવસમાં ૪૫ કિલોમીટર સુધી ચાલવામાં આવશે. તમામ લોકો તમામ જરૂરી ચીજવસ્તુઓ સાથે એકત્રિત થયા હતા. ૨૫૦ કિલોમીટર લાંબા પ્રવાસને ૨૭મી ડિસેમ્બર સુધી પૂર્ણ કરવાની સુરતી વેપારીઓની યોજના છે. તેમનુ કહેવુ છે કે રાત્રી ગાળવા માટે કોઈ મંદિર અથવા તો ધર્મશાળા મળશે નહી તો તેઓ વન્ય વિસ્તારમાં ટેન્ટ બનાવીને રાત્રી ગાળીશુ અને યાત્રાને આગળ વધારીશુ. દરેકની જરૂરીયાતોને ધ્યાનમાં લેવા માટે તમામ જરૂરી સાધનો સાથે રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં આ એક અલગ પ્રકારની પ્રેરણા સમાન બાબત છે. પોતાના ચહિતા નેતા માટે તેઓએ આ પ્રકારની માનતા રાખી હતી. મોદીને ટેકો આપવા માટે પહેલાથી જ પ્રયાસો કરવામાં આવ્યા હતા.

વિચિત્ર વાઈરલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલાક લોકોનું માનવું છે કે ખરવાનો રોગ પણ હોઈ શકે છે. તંત્ર દ્વારા આ અંગે રસીકરણની ઝુંબેશ પણ તાત્કાલિક હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો કે મળતી વિગતો મુજબ ખરવાના રોગમાં પશુ મૃત્યુ ના પામે પરંતુ આ રોગની સાથે હડકવા ઉપડે તો મોત થઈ શકે છે તેવું જાણકારોનું કહેવું છે.

દશેલા પંથકમાં ઉભી થયેલી આ રોગચાળાની પરિસ્થિતિને લઈ આસપાસના ગ્રામજનો જે પશુપાલન સાથે સંકળાયેલા છે તે પણ ચિંતાની લાગણી અનુભવી રહ્યા છે.

દશેલામાં હજુ પણ આ વિચિત્ર રોગનો ભોગ બનેલા પશુઓ જોવા મળી રહ્યા છે અને ખેડુત તેમજ પશુપાલકો આ રોગનું તાત્કાલિક વિશ્લેષણ કરવામાં આવે તેમજ રોગને પ્રસરતો અટકાવવા માટે તંત્ર દ્વારા તાકીદના પગલાં લેવામાં આવે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

જાહેર નિવિદા

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે)ની સેવા પુરી પાડવા અંગે

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકની સરકારી વાહન વ્યવહાર સેવા, સેક્ટર-૩૦, ગાંધીનગર કચેરીમાં વાહન સુવિધા સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) ગાંધીનગરની સુચનાનુસાર (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અળગ કવરમાં તારીખ ૧૬-૧-૨૦૧૩ના રોજ સાંજે ૪-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. આવેલ ટેન્ડરો તા. ૧૭-૧-૨૦૧૩નાં રોજ સાંજે ૪-૦૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં કચેરી ખાતે ખોલવામાં આવશે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તારીખ ૨-૧-૨૦૧૩ સુધીમાં કચેરી ખાતેથી મેનેજર, સરકારી વાહન વ્યવહાર સેવા, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીનાં વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

સ્થળ : ગાંધીનગર — **મેનેજર,**
તારીખ : ડીસે/૨૦૧૨ — **સહકારી વાહન વ્યવહાર સેવા**
માહિતી/૧૭૮૮/૧૨-૧૩ — **ગાંધીનગર**